# સાંપ્રત સમાજનું લઘુકથાઓમાં પ્રતિબિંબ | ગણપત સોઢા

[**પ્રતિબિંબ** : તલકશી પરમાર, પ્રકાશક : પોતે, પ્ર. આ. ૨૦૦૭, પૃ. ૫૬, કિં. રૂ. ૩૦/-]

છેલ્લા પાંચેક દાયકાથી ગુજરાતી સાહિત્યમાં વિકસેલું નમણું-નાજુક કલાસ્વરૂપ એટલે લઘુકથા વર્તમાનની ક્ષણે લઘુકથાના આ સ્વરૂપે પોતાની આગવી – નોખી ઓળખ ઊભી કરી લીધી છે. લઘુકથાને યોગ્ય અપેક્ષિત વિશિષ્ટ ભાવપરિસ્થિતિ, શબ્દને કરકસરથી પ્રયોજી તેની વ્યંજનાશક્તિનો ક્યાસ કાઢીને થયેલું ભાષાકર્મ, લઘુકથાના પ્રાણરૂપ 'લાઘવ'ની કલાત્મક અને માર્મિક જાળવણી – તેના સર્જક પાસે વધુ પ્રતિભાસભર સર્જકતા માગી લે છે. આમાંની એકાદ બાબતમાં પણ જો સર્જક સહેજ ગોથું ખાઈ જાય તો લઘુકથા કથળી જાય એવું બને. આ દૃષ્ટિએ લઘુકથા અત્યંત સૂક્ષ્મ, લપસણું અને પડકારરૂપ સાહિત્યસ્વરૂપ છે.

લઘુકથાના સ્વરૂપમાં નિષ્ઠાથી સમજપૂર્વક સર્જન કરનારની સંખ્યા જૂજ છે તેથી સાહિત્યજગતમાં લઘુકથાની થવી જોઈએ તેટલી પ્રતિષ્ઠા થઈ નથી. ક્યારેક તો ઉપેક્ષા થતી હોવાનું લાગે છે તો પણ લઘુકથાનું સર્જન થતું રહે છે. અનેક નવોદિત સર્જકો લઘુકથાક્ષેત્રે કલમ ચલાવે છે. વીસમી સદીના છેલ્લા બે દાયકા દરમિયાન લઘુકથાના ક્ષેત્રે જે સર્જકોએ ખેડાણ કર્યું છે તેમાં તલકશી પરમાર પોતાની સીધી અને સરળ અભિવ્યક્તિથી ધ્યાનપાત્ર બની શક્યા છે. લઘુકથાક્ષેત્રે નિષ્ઠાથી કામ કરી અત્યાર સુધી 'લક્ષ્યવેધ' (૧૯૯૦) અને 'ક્ષણાર્ધ' (૨૦૦૨) એવા બે લઘુકથાસંગ્રહો તેમણે આપ્યા છે.

'પ્રતિબિંબ' (૨૦૦૭) શ્રી તલકશી પરમારનો તાજેતરમાં પ્રગટ થયેલો ત્રીજો લઘુકથાસંગ્રહ છે જેમાં કુલ છપ્પન લઘુકથાઓ સંગ્રહિત થઈ છે.

પ્રથમ લઘુકથા 'ડાઘો' વર્તમાન શિક્ષણજગતમાં પ્રવેશેલ દુરિતનું આલેખન કરતી ચોટદાર લઘુકથા છે. શિક્ષણના પવિત્ર વ્યવસાય સાથે સંકળાયેલા મુખ્ય શિક્ષકની કામુકતા નાયિકા શાંતિના **'ઓય મા, ત્યાં તો મોટો ડાઘો બેઠો છે.'** વાક્યથી વ્યંજિત થઈ છે. પોતાના નાના બાળકને ડરાવવા માટે વપરાયેલો 'ડાઘો' શબ્દ નાયિકાની મનોદશાને વ્યક્ત કરે છે.

'પીડા' માતૃત્વથી વંચિત સ્ત્રીહૃદયની વેદના વ્યક્ત કરતી ઉત્તમ લઘુકથા છે. લઘુકથાને અનુરૂપ સંવેદન પકડતાં સર્જકને આવડ્યું છે. ગામમાં દાયણનું કામ કરતાં નિઃસંતાન રૂડીમાને જ્યારે એકાદ મહિના પછી પ્રસૂતિ આવવાની છે. એવી વાલી દ્વારા પૂછવામાં આવે છે, 'હેં રૂડીમા, પ્રસૂતિની પીડા કેવી ઊપડે ?' ત્યારે પ્રસૂતાની પીડાથી અજ્ઞાત અને તેથી જ માતૃત્વથી વંચિત રૂડીમાની વેદના – પીડા સાડલાના છેડાથી આંખો લૂછતાં લૂછતાં 'બેટા, ઈ તો ભોગવી હોઈ ઈને જ ખબર !' જેવા શબ્દોમાં વ્યક્ત થઈ છે.

'ઍબોર્શન' પુત્રની ઘેલછામાં ગર્ભસ્થ શિશુ જો દીકરી હોય તો તેને ગર્ભમાં જ મારી નાંખતા દંપતીને લાલબત્તી ધરે છે. નાયક રાકેશ અને નાયિકા સરિતા ઍબોર્શન કરાવવાનો નિર્ણય કરે છે. પણ પડોશી સુરેશભાઈનો વ્યસની પુત્ર અમન લથડિયાં ખાતો ઘેર આવ્યો અને સુરેશભાઈ તેને જોઈ રહે છે, **'આ કરતાં તો ભગવાને વાંઝિયાં રાખ્યાં હોત તો સારું'** આ સાંભળતા નાયક રાકેશના પત્નીને ઍબોર્શન કરાવવાના વિચારનું જ – 'ઍબોર્શન' થાય છે. વર્તમાનની આ ક્ષણે આવી લઘુકથાઓનું ઘણું મૂલ્ય છે.

સાંપ્રત સમયમાં વૃદ્ધ અને શારીરિક રીતે અક્ષમ વડીલો પ્રત્યે પુત્ર-પુત્રવધૂઓ કેવાં લાગણીવિહોણાં તથા જડ રીતે વર્તતાં હોય છે તેનું આલેખન કરતી ઘણી લઘુકથાઓ અહીં છે. 'ભૂકંપ'માં સંતાનોની મનોવૃત્તિ આલેખાઈ છે. સ્વાભાવિક મૃત્યુને ભૂકંપથી થયેલ મોતમાં ખપાવીને સરકારી મદદ મેળવી લાખોપતિ બની જવાની લાલચમાં સંતાનો મોતના મલાજાને પણ ભૂલી જાય છે.

'જીવાદોરી'માં વૃદ્ધ જમનીમાની વિડંબના આલેખાઈ છે. વૃદ્ધત્વમાં 'જીવાદોરી'રૂપ દીકરો પોતાના પરિવાર સાથે શહેરમાં ચાલ્યો ગયો છે અને જમનીમાના જીવનનિર્વાહ માટે રાતી પાઈ પણ મોકલતો નથી. આધારવિહોણી જમીનમાને સીમમાંથી નધણિયાતી વાછરડી મળે છે. તેને ઉછેરી મોટી કરે છે. તે વિયાતાં દૂધ વેચતાં બે પૈસા મળતા થયા અને પેટનો ખાડો પુરાતો થયો. ગાય જીવાદોરી બની. પણ કોઈક વખત ગામતરે ગયેલા જમનીમાની ગેરહાજરીમાં શહેરમાંથી આવેલો દીકરો રામુ ગાય અને વાછરડી બન્નેને લઈને શહેર ચાલ્યો જાય છે. આમ વૃદ્ધ જમનીમાની 'જીવાદોરી' શહેરમાં દૂધ વિના ટળવળતાં રામુનાં સંતાનોની જીવાદોરી બને છે. આમ અહીં 'જીવાદોરી'ના ઘણા સંકેતો બને છે.

'કૂતરો' લઘુકથામાં શહેરમાં રહેતી પુત્રવધૂની સસરા તરફની નફરત અને અણગમો જોઈ શકાય છે. જોકે સર્જકે છેલ્લું વાક્ય 'ને દરવાજે પૂંછડી પટપટાવતો ઊભો હતો' ન લખ્યું હોત તો લઘુકથા વધુ ચોટદાર બનત. પુત્રવધૂની માનસિકતા અહીં સરસ આલેખાઈ છે.

'અકબંધ'માં નાયિકા સ્વાતિબહેનનું શું અકબંધ નથી ? તે ચાંદલાવિહીન કપાળ અને સૂના હાથથી સૂચવાય છે. આમ નાયિકાના – પતિરૂપી સૌભાગ્ય સિવાય બધું જ અકબંધ છે. અહીં પણ સાત-આઠ રૂમનો પૂરતી સગવડવાળો બે માળનો બંગલો, પુત્રો, પુત્રવધૂઓ, પૌત્રોથી ધમધમતું ઘર, પૈસો, ટકો બધું જ અકબંધ છે. પણ વૃદ્ધ મા પ્રત્યે બાળકોની લાગણી અકબંધ નથી અને તેથી જ કદાચ નાયિકાને વૃદ્ધાશ્રમના આશ્રયે આવવું પડ્યું છે.

'જર્જરિત'માં પણ સહોપસ્થિતિની ટેક્નિક દ્વારા લઘુકથાકારે અંતે તો ધનસુખલાલ અને તેમનાં પત્નીની વેદનાને વાચા આપી છે. જૂના ઘરને રંગકામ કરાવવાના સંદર્ભમાં પુત્ર રાજીવ કહે છે : બાપુજી, આ જર્જરિતને વાઘા પહેરાવીએ તોય શું અને ન પહેરાવીએ તોય શું ? ત્યાં વૃદ્ધ દંપતી અને વર્ષો જૂના જર્જરિત મકાનની સહોપસ્થિતિ જોઈ શકાય છે.

'ભાર'માં સંપત્તિ સંતાનને નામે કરી દેતાં, હવે મા-બાપથી આપણને કંઈ મળવાનું નથી. અને તેથી આવાં મા-બાપ સંતાનોને ભારરૂપ લાગે છે. તેથી જ નાયક સુરેશભાઈને પત્ની સહિત નાનાભાઈને ઘેર આશરો લઈને ભારરૂપ બનવું પડે છે.

'મનોકામના'માં લકવાગ્રસ્ત વૃદ્ધ સસરાની જવાબદારીથી કંટાળી ગયેલી પુત્રવધૂ જ્યારે પતિને 'કામનાથદાદાનાં દર્શનથી મનોકામના પૂરી થાય છે. આપણે દર્શને જઈએ તો ?' એમ કહે છે. પતિને લાગે છે કે પિતાની શાંતિ માટે પત્ની દર્શને જવાની વાત કરે છે. પણ લઘુકથાને અંતે લાગે છે કે પુત્રવધૂની 'મનોકામના' શી હશે ? અને તે ખરેખર પૂરી થઈ !

'રાહ' લઘુકથામાં સર્જકે સહોપસ્થિતિની પ્રયુક્તિ કામે લગાડી છે. અને તેથી 'રાહ'નાં વિવિધ પરિમાણો જોઈ શકાય છે. નાયક મોહનલાલનાં સંતાનો ઉંમરલાયક થતાં ઘર છોડી બીજે રહેવા જતાં રહ્યાં. આથી પાળેલાં કબૂતરોને નાયક મુક્ત કરી દે છે. પણ કબૂતર તો સાંજ ઢળતાં 'ઘૂ ઘૂ' કરતાં પરત ફર્યાં અને ફળિયું ગજવી દીધું. નાયક બંધ ડેલીનાં કમાડ ખોલીને

રસ્તા પર દૂર સુધી નજર માંડીને ઉંબરે ઊભો રહે છે. 'રાહ'... જોતો.

'કોલાહલ'માં વૃદ્ધ નાયક જયેશભાઈની એકલતા આલેખાઈ છે. નાનાં-મોટા મળીને વીસેક માણસોનો પરિવાર ધરાવતો નાયક વર્તમાન ક્ષણે એકલો છે. સતત કોલાહલથી ટેવાયેલો છે. તેથી કોલાહવને ઝંખે છે. પણ... સંતાનની વાત સીધી રીતે નહીં પણ ટિફિન આપવાવાળા માણસ દ્વારા અને તેની સાયકલની ઘંટડીના રણકાર દ્વારા કહેવાઈ છે.

દાંપત્યજીવનમાં નિઃસંતાનપણું કેવો અભિશાપ છે તેને કેન્દ્રમાં રાખીને આલેખાયેલી 'પાખડી', 'વેદના', 'કોડ', 'ડૂસકું', 'નિરાશા', 'ચિંતા' વગેરે લઘુકથાઓ ધ્યાનપાત્ર બની છે. આમ તો એકસરખા સંવેદન ઉપર રચાયેલી આ લઘુકથાઓમાં એકવિધતા જોઈ શકાય છે પણ તેની માવજત જુદી જુદી રીતે સર્જકે કરી છે. 'પાખડી'માં પુરુષની વૃત્તિ છતી થઈ છે. પાખડી ગાયને ત્રણ વરસથી પાલવતો નાનજી ગાયને વેચીને ભેંસની પાડીને ખીલે બાંધે છે. અરીસામાં માથા પર સફેદ વાળ, મોં પર કરચલીઓ અને પડી ગયેલા દાંતવાળું પોતાનું પ્રતિબિંબ જોઈ આથી જ નાનજીની વહુ નિસાસો નાંખે છે. અહીં ગાય અને પાડી પ્રતીક બનીને આવ્યાં છે.

આખા લઘુકથાસંગ્રહમાં યુવાન હૈયાના પ્રણયની અનુભૂતિને વ્યક્ત કરતી એકમાત્ર લઘુકથા અહીં જોઈ શકાય છે. તે લઘુકથા એટલે **'ચંપલ.'** નવાં ચંપલથી પડતા ડંખનો આધાર લઈને સર્જકે પ્રણયની વાત સરસ રીતે મૂકી આપી છે. આમ તો ઘટના સાવ તુચ્છ છે. પણ છેલ્લા વાક્યમાં નાયિકા વાલીની પ્રણયપ્રાપ્તિથી વાતનો નિર્દેશ મળે છે.

ભારતની ગરીબાઈ અને ભૂખમરાની વાત કરુણતાસહ આલેખાઈ છે. 'ભૂખ' લઘુકથામાં 'રામનામ સત્ય છે.' એ શબ્દો દ્વારા ભૂખનો ઉપાય ક્યાં છે તે સૂચવાયું છે. અહીં કરુણા છે. શામજી લમણે હાથ દઈને બેસી જાય છે. ભૂખ માણસ પાસે શું નથી કરાવતી ! જ્યાંથી ભૂખ ન ભાંગવી જોઈએ ત્યાંથી ભૂખનું શમન થયું છે તે ઘટના કરુણાને જન્માવે છે. ભાવક સ્તબ્ધ બની જાય છે.

અંતિમ લઘુકથા 'ઋણાનુબંધ'માં સર્જકે દાદા-પૌત્ર વચ્ચેના ઋણાનુબંધના સંબંધને આલેખ્યો છે. દાદાની સારવાર માટે પોતાનો ગલ્લો તોડીને તેના પૈસા ડૉક્ટરને આપતો પૌત્ર પિતા પ્રત્યે બેદરકાર બનેલા પપ્પાની આંખો ખોલી નાંખે છે.

'ભાગ' લઘુકથા બની શકી નથી. એ જ રીતે 'ભિખારી' પણ ટુચકા ટાઇપની બની રહેતી લઘુકથા છે. 'ફાટક' લઘુકથામાં પણ કથનકક્ષાએ જ ચાલતી વાતથી લઘુકથાનો પિંડ બનતો નથી. 'પાખડી' અને 'વેદના' જેવી લઘુકથાઓમાં કથાવસ્તુ અને પાત્રોના નામની સમાનતા ખૂંચે તેવી છે. જોકે સર્જક તરીકે તલકશી પરમારની સરળ અભિવ્યક્તિ ધ્યાનાર્હ છે અને તેથી આ લઘુકથાઓ સર્જકના સર્જનઉન્મેષની ભાવકને પ્રતીતિ કરાવે છે. 'પ્રતિબિંબ'ની આ લઘુકથાઓ એકવિધતાનો અનુભવ કરાવતી એકબીજા પર પ્રતિબિંબ પાડતી હોય તેવું લાગે છે. છતાં સાંપ્રત સમાજનું પ્રતિબિંબ તેમાં સુપેરે ઝિલાયું છે. રોજિંદા કુટુંબજીવનના પ્રસંગોમાં પ્રગટતા માનવસ્વભાવનાં વિવિધ સ્વરૂપોને અસરકારક રીતે આલેખીને 'સાંપ્રત સમાજનું લઘુ પ્રતિબિંબ' સરસ રીતે ઝીલી બતાવ્યું છે.